ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૨૨૬
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૨/૦૪/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ
ગુજરાત રાજ્ય.

વિષય:- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની You Tube ચેનલ (GSHSEB)માં અપલોડ કરેલ ધોરણ-૯ થી ૧૨ ના શૈક્ષણિક કાર્યક્રમો નિહાળવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા BISAG ના સહયોગથી ધોરણ-૯ થી ૧૨ ના મુખ્ય વિષયોના શૈક્ષણિક કાર્યક્રમો રાજ્યના તજજ્ઞ શિક્ષકો દ્વારા તૈયાર કરાવેલ છે અને BISAG મારફતે 'વંદે ગુજરાત' ચેનલ નં. ૯ થી ૧૨ પર પ્રસારિત થાય છે. જે DD ફ્રી ડીશ પર નિહાળી શકાય છે. આ ઉપરાંત બોર્ડ દ્વારા લાભાર્થીઓના ઘર સુધી ઉક્ત કાર્યક્રમનો લાભ મળે તે હેતુથી બોર્ડની You Tube ચેનલ(GSHSEB)માં ઉક્ત ધોરણોના પ્રકરણ વાર મુખ્ય વિષયોના તજજ્ઞો દ્વારા તૈયાર કરેલ વિષય વસ્તુની સમજ કેળવાય તેવા શૈક્ષણિક કાર્યક્રમો અપલોડ કરેલ છે. જે વિદ્યાર્થીઓ અને વાલીઓ નિહાળી શકે છે.

સમગ્ર દેશમાં COVID-19 ના આ સંક્રમણમાં જયારે દેશમાં લોકડાઉન છે ત્યારે વિદ્યાર્થીઓ કે જેઓ રાજ્ય સરકારના માસ પ્રોમોશનના નિર્ણય અનુસાર ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ ધોરણ-૯માં, ધોરણ-૯ ના વિદ્યાર્થીઓ ધોરણ-૧૦માં અને ધોરણ-૧૧ ના વિદ્યાર્થીઓ ધોરણ-૧૨માં પ્રવેશ મેળવેલ છે. જેથી તેઓ નવા ધોરણનો ઘરે બેઠા અભ્યાસ કરી શકે તે માટે બોર્ડની You Tube ચેનલ(GSHSEB)માં જઈને મુખ્ય વિષયોમાં પ્રકરણવાર ઉક્ત એપિસોડમાં અભિવ્યક્ત કરવામાં આવેલ વિષય વસ્તુનો અભ્યાસ કરી શકશે અને વારંવાર મહાવરો કરી શકશે.

વધુમાં રાજ્ય સરકાર દ્વારા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તૈયાર કરેલ પાઠ્યપુસ્તકોની સોફ્ટ કોપી પાઠ્યપુસ્તક મંડળની http://gujarat-education.gov.in/TextBook/Textbooks/new-syllabus2020.htm વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જેનો પણ ઉપયોગ કરીને આ સમય ગાળાનો સદઉપયોગ કરી શકાય. આ અંગે જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ, શાળાના આચાર્યશ્રીઓ અને શિક્ષક મિત્રોએ Social Mediaના માધ્યમથી વધુમાં વધુ તેઓની શાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓને ઉક્ત શૈક્ષણિક કાર્યક્રમ માટે માહિતગાર કરવા વિનંતી છે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર
નકલ રવાના:- જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, તમામ